# 28th ASEAN Regional Forum Ministerial Meeting

August 06, 2021

---

# 28મી આસિયાન રિજનલ ફોરમ મિનિસ્ટરિયલ મિટિંગ

ઓગસ્ટ 06, 2021

રાજ્યકક્ષાના વિદેશમંત્રી ડો. રાજકુમાર રંજન સિંઘે 6 ઓગસ્ટ, 2021ના રોજ વર્ચ્યુઅલી યોજાયેલી 28મી આસિયાન રિજનલ ફોરમ (એઆરએફ) વિદેશ મંત્રીઓની બેઠકમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું.

આ બેઠક બ્રુનેઈ દારુસલામના અધ્યક્ષપદ હેઠળ યોજાઈ હતી. એઆરએફના સભ્ય દેશોએ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ તથા એઆરએફની ભવિષ્યની દિશા અંગે પોતાના વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. ડો. સિંઘે ઈન્ડો-પેસિફિક, ત્રાસવાદના જોખમ, મેરિટાઈમ ડોમેઈનમાં યુએનસીએલઓએસના મહત્ત્વ તથા સાઈબર સિક્યોરિટી અંગે પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો.

એઆરએફના મંત્રીઓએ યુવાનો, શાંતિ અને સુરક્ષા (વાયપીએસ) એજન્ડાને ટેકો આપવા માટે એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું.

ભારત એઆરએફ પ્રવૃતિ તથા સમુદ્રી સુરક્ષા, ત્રાસવાદ વિરોધી કાર્યવાહી, ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજી (આઈસીટી), ડિઝાસ્ટર રિલિફ વગેરેની પહેલમાં સક્રિય રીતે કામ કરે છે. 2021માં ભારતે યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી (યુએનસીએલઓએસ)ને લાગુ કરવા અંગે એઆરએફના વર્કશોપમાં સહ-અધ્યક્ષપદ સંભાળ્યું હતું. 2021-22 દરમિયાન ભારત સમુદ્રી સુરક્ષા અંગે એઆરએફ ઈન્ટર સેશનલ મિટિંગનું સહ-અધ્યક્ષપદ સંભાળશે અને ઈન્ટરનેશનલ શિપ એન્ડ પોર્ટ ફેસિલિટી સિક્યોરિટી કોડ (આઈએસપીએસ કોડ) અંગે એક વર્કશોપ યોજશે.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 06, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.